### 39 દેશના 500થી વધુ નાના સુપરહીરો જોડાશે

# આજથી 'આઈ કેન' ચિલ્ડ્રન્સ ગ્લોબલ સમિટનું આયોજન

## 15 વર્કશોપ દ્વારા બાળકોની ક્ષમતાને બહાર લવાશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

શહેરના બાળકો માટેની સૌથી મોટી ગ્લોબલ સમિટ યોજાવા જઈ રહી છે. આઈ કેન ચિલ્ડ્રન્સ ગ્લોબલ સમિટ (આઈસીસીજીએસ), 2 અને 3 ડિસેમ્બરના દિવસે યોજવામાં આવશે. આ નવતર પ્રકારની સમિટ 'સ્થાનિક પરિવર્તન વડે વૈશ્વિક અસર'ના સૂત્રને સાકાર કરીને બાળકોની શક્તિને સમર્પિત કરાયેલ છે. ડિઝાઈન ફોર ચેન્જ દ્વારા આયોજીત આ ચળવળનાં મૂળ કિરણ બીર સેઠીના વિઝનરી નેતૃત્વ હેઠળ 2009માં રિવરસાઈડ સ્કૂલમા નખાયાં છે.

આઈસીજીએસ તેના વૈશ્વિક વ્યાપને કારણે જાણીતું છે. તે ઉપરાંત હવે તેનો 70થી વધુ દેશ સુધી વિસ્તાર થઈ ગયો છે.

આ સમિટ 39 દેશોનું પ્રતિનિધિત્વ કરતા 500થી વધુ નાના સુપરહીરો અને શિક્ષણવિદોને એકઠાં કરીને 40થી વધુ સ્થાનિક ઉપાયોને 14 સસ્ટેઈનેબલ ગોલ્સ સાથે જોડશે. ભારત અને વિદેશના નિષ્ણાંતો અને કલાકારોના માસ્ટર ક્લાસિસ મારફતે 15થી વધુ વર્કશોપ્સ અને આકર્ષક કાર્યક્રમો દ્વારા બાળકોની ક્ષમતાને બહાર લાવવા પ્રયાસ કરવામાં આવશે. તેમની સિદ્ધિને બિરદાવશે અને બાળકોમાં 'હું કરી શકું છું' તેવી ભાવનાનો સંવર્ધન કરશે. જે હાથવગા ઉપાયો અને અસરકારક પરિણામો પેદા કરી શકશે.